સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

વટકે સંમેલનો જોઇ, સફળતા ખટકે છે
બબડે 'મનોગત,' હૃદયમાં મુંઝારો ચટકે છે
છટકે છે હા-જી-હા કરનારા સાથીદારો પર
અનેક હોંડા-અજગરને છછૂંદર અટકે છે

હાઈકુ

કરો એમઓયુ!
વરસાદના પણ -
જાપાન સાથે -
(જાપાનીસ વિકાસ)

છૂટી 'સુરક્ષા',
તો ફસાયા 'ચોર'માં
પોલીસ સ્થિતિ
(ઉલ માંથી ચૂલ માં)

ચિંતન

સવ્ય દક્ષિણયોર્યત્ર વિશેષો નોપલભ્યલે । કસ્તત્ર ક્ષણમપ્યાર્યો વિદ્યમાન ગતિ વસતે ॥ (૧)
કાચે મણિર્મણો કાચો ચેષાં બુધ્ધિઃ પ્રવર્તતે । નતેષાં સનિધી ભૃત્યો નામ માત્રો અપિ તિષ્ઠતિ ॥ (૨)

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ : 'રાજનીતિ ના આ બે શ્લોક છે :-

જે રાજા (મુખ્ય પ્રધાન - વડાપ્રધાન) પાસે ડાબા કે જમણાની વિશેષતા જોવામાં નથી આવતી ત્યાં, જેની કાર્યદક્ષતા-પ્રગતિ સારી છે એવો કયો શ્રેષ્ઠ અધિકારી-કર્મયોગી-સેવક એક ક્ષણ પણ ઊભો રહે? (૧)

જે રાજા કાચમાં મણિ અને મણિમાં કાચ જોવા જેવી ઉલ્ટી દૃષ્ટિ-બુધ્ધિ-સમજ ધરાવતો હોય તેની પાસે કોઇ પણ રાજસેવક કાચમને માટે ટકતો નથી. (૨)

પોતાના ન્યાયી-તટસ્થ-કાયદાના પાલક નિષ્ઠાવાન અને નિર્ભય રીતે રૂબરૂ અને 'ફાઇલ' પર સાચી સલાહ આપનાર આજના નેતાશ્રીઓને દીઠા ગમતાં નથી અને તેમને 'સાઇટ પોસ્ટ' પર મોકલી દેવામાં આવે આવે છે. ઘણું કરી આવા પ્રામાણિક અને નિષ્ઠાવાન 'સમય' અને સાહેબનો સ્વભાવ પારખી જાતે જ પોતાનો માર્ગ શોધી લેતા હોય છે. રાજાને આવા અધિકારી શોધતાં કે કદર કરતાં આવડતી નથી અને આવડત હોય છતાં કાયદા આડે કલમ ધરી મન માન્યું કરે કરાવે છે..

સુવિચાર

- **જેમ પુષ્પ માટે સુગંધનું મહત્ત્વ છે તેમ મગજ માટે મૃદુતા જરૂરી છે- પાઇસ લોટ**
- **માણસ મગજ પેરે સૂટ જેવું છે જો એ ખૂલ્લું રહે તો જ કાર્યશીલ રહે- લોર્ડ ડેવન**
- **છૂટી જીભ અને ખાલી મગજ નિકટના મિત્રો છે - કલાલર્સ**
- **મનુષ્યનું મગજ વિદ્યાતાની એક અદ્વિતિય રચના છે - ડો. રઘુવીર**
- **જો તું મગજને શાંત રાખીશ તો તું વિશ્વ વિજયી થઇ શકીશ - ગુરૂનાનક દેવ**
- **સતત અભ્યાસ જ મગજને ક્રિયાશીલ રાખી શકે છે વિશ્રામ નહીં - એસ. ભટાચાર્ય**
- **શુદ્ર બુધ્ધિ પોતાની શુદ્ર સીમાઓથી પારની કોઇ પણ વસ્તુને ઊચિત રીતે સમજી શકતી નથી - રોબો કુકાલ્ડ**

બોધ કથા

ઘણી વાર નિજ મસ્તીમાં અને સદાય હસતાં રહેતા હળવા-સ્વભાવનાં પ્રૌઢ પતિને તેની પત્નીઓ ઠપકા ભરી-સલાહ આપતી હોય છે કે, 'આખી જિંદગી મજાક-મશ્કરીમાં ગઇ હવે કંઇક ગંભીર થાવ' એમને મન ગંભીરતા એટલે 'સોગીયું ડાચું' અને 'હસવાં' પર બંધીને રમૂજ - બોલવા પર લગામ - જીવન 'આનંદમય' હોવું જોઇએ. ન હોય ત્યાંથી રમૂજ શોધી કાઢતાં આવડતી જોઇએ.

એક સંત બિમારીમાં મરણ પથારીએ હતા. છતાં બિમારી અને પીડાની ઠેકડી ઉડાડી રમૂજ કરી ખૂદ જ ખડખડાટ હસતા હતા. શિષ્યોને ગંભીરતાની ખબર હતી એટલે હસી નો'તા શકતા. એક નિકટના શિષ્યએ હિંમત કરી કહ્યું, ગુરૂજી! આપી આખી જિંદગી મજાક-મશ્કરીમાં શિષ્યોની પણ મિમીક્રી કરી હસતાં-હસાવતાં રહ્યાં પણ આજે તો તમારી બિમારી-પીડાની પરાકાષ્ઠા છે આમ છતાં તમે કેમ હસી શકો છો?

ગુરૂ કહે, મારા ગુરૂ બચપણથી ખૂબ દુઃખી હતા. પછી કોઇ સંતે તેમને એકાંતમાં જઇ ખૂબ હસવાની આજ્ઞા આપી. પછી મારા ગુરૂ વગર કારણ 'લાફીંગ ક્લબ'ની જેમ હસતાં જ રહેતા. પછી એમનું જીવન 'આનંદમય' બની ગયું.

હું પણ દરરોજ સવારે ઊઠીને પ્રભુને સૌથી પહેલાં 'આનંદમય દિવસ' આપવાની પ્રાર્થના કરતો અને નાની નાની બાબતોમાંથી હાસ્ય શોધી લેતો, દુઃખ-પીડા-કંટાળો મારાથી દૂર ભાગતાં. મૃત્યુની છેલ્લી ક્ષણ સુધી હું 'હસતાં' રહેવા ઇચ્છું છું.

.. અને સ્મિત સાથે સંતે અંતિમ વિદાય લીધી.

મૂકામ ગાંધીનગર : મળ્યા, ના મળ્યા, વિસરાયા, કૈસે કૈસે લોગ...

મારી નજરે

- વિષ્ણુ પંડ્યા

હમણાં નાગરિક અધિકાર આયોગમાં કામ કરતાં એક મિત્ર મળી ગયા, તેમની પત્ની રાજકીય રીતે સક્રિયા હતા. કહેતા હતા કે સાહેબ, સમયનું અંતર ઇચ્છા હોવા છતાં કેટલા દૂર કરી દે છે, આપણને? ૧૯૯૭ ના ગાંધીનગરની તેમણે વાત કરી. ગાંધીનગરની સ્થાપના થઇ ત્યારના યે ઘણા પરિચિતો છે. મુખ્યપ્રધાનો, સચિવો, પ્રધાનો, વિધાનસભા અને સચિવાલયના પટાવાળાથી માંડીને ઑફિસરો... બીજો તબક્કો ૧૯૮૦ પછીનો હતો. મિનિસ્ટરો બદલાયા હતા. ભૂપત વડોદરિયા, શેખાદમ આબુવાલા, મનુભાઇ ત્રિવેદી અને શેલત જૂના સચિવાલયના માહિતી વિભાગમાં મળવાનું મન થાય તેવા મહાનુભાવો. ચિત્ર વળી બદલાયું. ૧૯૭૪-૭૫ અને ૧૯૭૭ સુધી તો અહીં બાબુભાઇ જશભાઇ પટેલ, નવલભાઇ શાહ, હેમાબહેન આચાર્ય, ભાઇલાલભાઇ કોન્ટ્રાકટર પ્રધાનો હતા... મકરન્દ દેસાઇની કાયમ ખોટ સાલી છે; એકદમ ગતિશીલ અને બુધ્ધિમાન મિત્ર. આંખો મીચી ત્યાં સુધીનો સંબંધ. તેમના પ્રધાન નિવાસનો દરવાજો ખૂલ્લો જ રહેતો. ક્યારે નીલા ભાભી પણ હોય, ગપસપ અને ભોજન સાથે ચાલે! કેશુભાઇ પહેલાં પ્રધાન અને પછી મુખ્યપ્રધાન - પણ કાયમ માટે કામગીરીમાં હોય, એટલે મળવાનું બને નહીં... પછી તખતો પલટાયો... ૧૯૯૬-૯૭ માં તો શંકરસિંહ વાઘેલા આવ્યા. પહેલા બ્લૉકના ત્રીજા માળે કાર્યક્રમ અમલીકરણ સમિતિને લીધે બેસવાનું થતુ : એ જ બ્લૉકમાં ઊપલા માળે મુખ્યપ્રધાન એટલે પગથિયાં ચડીને ય પહોંચી જવાય. ચીમનભાઇ શુક્લ, દિલીપ પરીખ, બાબુભાઇ શાહની સાથે બપોરે સ્વામીનારાયણની ખીંચડીનો સ્વાદ લેવાનું થાય, બાકીનાં કલાકો આખા ગુજરાતમાંથી મળતા મુલાકાતીઓમાં જાય...

વિધાનસભાના ધમધમતા દિવસો અને સચિવોની દોડાદોડી! સુરેશ મહેતાને મુખ્યપ્રધાનની ઑફિસમાં કયારેક મળવાનું થતું, પણ પક્ષ-વિપક્ષના ગજગ્રાહે વધારે જગા કરી લીધેલી!

અધિકારીઓ સાથેની ચર્ચામાં ઘણું નીપજતું. સંપર્કો સંબંધોમાં પળોટાતા. સ્વતંત્ર સૈનાનીઓ કહેતા કે આઝાદીના દિવસે જન્મ્યા એટલે પિતાએ 'સ્વતંત્ર' નામ રાખ્યું... મેં કહ્યું કે ગુજરાતમાં હોત તો 'સ્વતંત્રતા' રખાતું હોત! એસ.કે. નંદા માહિતી કમિશ્નર હતા, હમણાં એ દિવસોની યાદ તાજી કરાવી! આર.એમ. પટેલ, એસ.કે. પટેલ, પી.કે.લહેરી, એસ.જી.શેલત, સુધીર માંકડ, મીના ભટ્ટ, જયંતિ રવિ, ભાગ્યેશ જહા, હસમુખ અઢિયા, કોટવાલ, અનુરાધા મલ્લ... અને બીજા ઘણા નામો... એક યા બીજા હોદ્દા પર સક્રિય - ગણાવી શકાય... નરેન્દ્ર મોદીના મુખ્યપ્રધાન પદે આવ્યા પછી સચિવાલયનો ચહેરો સાવ બદલાઇ ગયો છે કે. કે. (કૈલાસનાથન) શર્માજીથી માંડીને સંજય ભાવસાર અને જેડી દેસાઇ સુધીનાં બધાંને ક્યાંક મળવાનું થતું રહે, ત્યારે ત્યાંની કામગીરીનો યે અંદાજ આવે. સાતેક કલેકટરોનું યે સુખદ સ્મરણ છે.

ગાંધીનગરમાં અધ્યાપકો, કલાકારો, સંગીતકારો અને થોડાક પત્રકારોનાં સંપર્ક સૂત્રો બદલાતાં રહ્યાં છે... કૃષ્ણકાંત જ્હા તો તંત્રી બન્યા પહેલાંથી સમાન દોસ્ત રહ્યા. એક પ્રૉફેસર પરમાર અને તેમનાં કલાકાર પત્ની હીના (ઉપાધ્યાય) આજકાલ ક્યાં છે, ખબર નથી; પણ એ વર્ષો સાંસ્કૃતિક જીવંત હોવાનો અનુભવ કરાવતાં... સતીશભાઇ - ગીરાબહેનને ત્યાં મળવાનો હમણાં મોકો મળ્યો નથી તેની પૂર્તિ કરવાની ઇચ્છા છે.

આવા જ એક મિત્રે સાંપ્રત માધ્યમની નુક્ચાચેની કરી : રૂબરૂના મળાય તો કાંઇ નહીં, મોબાઇલ અને નેટ તો છે જ ને? ઇશારો તેમનો ફોન નંબરનો હતો. આ કૉલમનાં માધ્યમથી નંબર આપું - તે છે ૯૪૨૭૮૦૪૭૨૨. કાશ, મળેલા અને ન મળી શકનારા, વિસરાયેલાઓ અને વિખૂટા પડેલાઓનો યે એવાજ સાંભળવા મળે!

● ગાંધી કથા અને ક્રાંતિકથા ?

ઓગસ્ટમાં ક્રાંતિ યાદ ન આવે તો જ નવાઇ! હમણાં એક પુસ્તકમાં આર. કે. ભટનાગરે નેતાજી સુભાષનું મૂલ્યાંકન કરતો સરસ લેખ લખ્યો તેના કેટલાક અશો શબ્દશઃ મૂકવાની લાલચ રોકી શકતો નથી.

નેતાજી સુભાષચંદ્ર બોઝ એક વાલા સમાન દેશભક્તિ અને સ્ફૂર્તિલી સક્રિયતાના પ્રતીક હતા. જો કે શરૂઆતમાં મહાત્મા ગાંધીએ દર્શાવેલા માર્ગ ઉપર ચાલ્યા હતા, તો પણ પછીથી એક નવો માર્ગ અખત્યાર કરવાની તેમનામાં હિંમત હતી. તે મુત્સદ્દીગીરીની બાબતમાં, વહીવટ કરવાની કુશળતામાં અને દૃષ્ટીની ઉદારતામાં અકબર જેવા હતા, અને નેતૃત્વ - શક્તિમાં તેમ જ લશ્કરી વ્યૂહરચનામાં જરૂરી મહાબુદ્ધિમત્તામાં તેઓ શિવાજી સમાન હતા. નૈતિક રીતે તેમ જ આધ્યાત્મિક રીતે અને બુદ્ધિમત્તામાં તેઓ સ્વામી વિવેકાનંદ જેવા હતા.

૧૮૯૭માં જાન્યુઆરીની ૨૩ તારીખે કટકમાં જન્મ્યા હતા. એવા સુભાષચંદ્ર બોઢ ૧૯૧૩માં મેટ્રિકયુલેશનની પરીક્ષામાં વિશિષ્ટ કૌશલ્ય સાથે ઉત્તીર્ણ થયા અને વિશ્વવિદ્યાલયમાં દ્વિતીય નંબરે આવ્યા. ૧૯૧૯માં, બી.એ.ની પરીક્ષામાં પ્રથમ સ્થાનમાં સફળ થયા અને ઇન્ડિયન સિવિલ સર્વિસ (આઈ.સી.એસ.)ની પરીક્ષા માટે ઇંગ્લેન્ડ ગયા. ૧૯૨૦માં આઈ.સી.એસ.ની પરીક્ષામાં ચોથા ક્રમે ઉત્તીર્ણ થયા. મહાત્મા ગાંધીએ શરૂ કરેલ અસહકારના આંદોલનમાં વિશ્વભરના ભારતીય લોકોને ઉત્તેજિત કર્યા. સુભાષ બોઝ આ હાકલનો પ્રતિસાદ આપ્યા વગર રહી ન શક્યા. ઇન્ડિયન સિવિલ સર્વિસમાંથી તેણે રાજીનામું આપવાનું નક્કી કર્યું. તેમના પિતાજીનકીનાથે તેમને લખ્યું : 'હવે, જ્યારે તમે દેશની સેવા કરવાનું જ નક્કી કર્યું છે, ત્યારે ઈશ્વર તમારું કલ્યાણ કરે.' તે પત્રનો સુભાષે આપેલ જવાબ પણ ખેરખર એવો જ નોંધપાત્ર છે. તેમણે લખ્યું: 'પિતાજી, આજે તમારા માટે હું જેવું ગૌરવ ધરાવું છું, એવો ગર્વ મેં કદી અનુભવ્યો નથી.'

ઘેર પાછા આવીને, આઝાદી માટેની લડતની ચળવળમાં સુભાષે ઝંપલાવ્યું. કલકત્તામાં, તે દેશબંધુ ચિત્તરંજન દાસને મળ્યા, કે જેમણે સુભાષના મન પર અવિસ્મરણીય છાપ પાડી. સુભાષને મન, તે સેવા અને કષ્ટવાળું જીવન હતું. ઘણી વાર, એમની ધરપકડ કરીને તેમને જેલની સજા થઈ હતી, અને બર્માની માંડલે જેલમાં તેમને રાખવામાં આવ્યા હતા. જેલનું જીવન અને કડક સજાથી તેમનું આરોગ્ય કથળી ગયું. ૧૯૨૪માં, ૨૭ વર્ષની વયે તે કલકત્તા કોર્પોરેશનના મુખ્ય વહીવટ અધિકારી બન્યા. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ તરીકે બે વખત ચૂંટાયા હતા.

૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ ફાટી નિકળ્યું. ૧૯૪૦ના જુલાઈમાં સુભાષની ધરપકડ કરવામાં આવી. તેમની ચાલુ રખાયેલ જેલ-નિવાસની વિરુદ્ધમાં તે ભૂખ- હડતાળ પર ઉતર્યા. અને જો તેમને મુકત કરવામાં નહિ આવે, તો આમરણાંત ઉપવાસ પર ઊતરવાની તેમણે સરકારને ધમકી આપી. તેમને મુકત કરવામાં ન આવ્યા. પરંતુ તેમની ચહલપહલ પર નજર રાખવા તેમના ઘર ઉપર સખત પોલીસ પહેરો રાખવામાં આવતો.

૧૯૪૧ની ૧૭ જાન્યુઆરીએ, આખા દેશમાં સૌને એવા સમાચારથી રોમાંચ થયો કે સુભાષ બાબુ કલકત્તા પોતાના પૂર્વજોવાળા મકાનમાંથી ભાગી છૂટ્યા છે. એમ માનવામાં આવે છે કે તેઓ મધરાતે એક મુસ્લિમ મૌલવીના વેશમાં બહાર નીકળી ગયા. તે કારમાં બેસીને કલકત્તાથી ૪૦ માઈલ દૂર આવેલા સ્થળેથી ટ્રેનમાં બેસી ગયા. તેમણે શેરવાની અને ફેઝ ટોપી પહેર્યાં હતા. તેમણે પહેરેલ ચુસ્ત પાયજામાને લીધે તેમ જ લાંબી દાઢીને લીધે, તે એક પાકા મૌલવી જેવા જ દેખાતા હતા. તેઓ પેશાવર પહોંચ્યા અને ત્યાં બે દિવસો રોકાયા. ૧૯મી જાન્યુ.એ તેમણે પઠાણનો પહેરવેશ ધારણ કર્યો અને જમરુદ જવા માટે પેશાવર છોડ્યું. તેથી આગળ કાબુલ સુધીની સફર તેમણે એક બહેરા તથા મૂંગા માણસ તરીકે, થોડાક રસ્તો. પગપાળા અને આંશિક સફર એક લોરીમાં બેસીને કરી. મોસ્કો પહોંચ્યા પહેલાં કાબુલમાં તેમણે અત્યંત શારીરિક અને માનસિક મનોવેદનાઓમાંથી પસાર થવું પડ્યું હતું. માર્ચ ૧૯૪૧માં, મોસ્કોથી બર્લિન વિમાનમાર્ગે તેઓ એક ઈટાલિયન નામ ધારણ કરીને ગયા. લગભગ એક વર્ષ પછી જર્મન રેડિયો નેટવર્ક ઉપરથી પોતાના દેશના દેશબાંધવોને બર્લિનમાં પોતાની હાજરીના સમાચાર ખુલ્લા કર્યા.

નેતાજીની અત્યંત અસાધારણ ચાલ ભારતીય રાષ્ટ્રીય લશ્કર ઉભું કરવું અને ૧૯૪૩ની ૨૧ ઓકટોબરે આઝાદ હિંદની હંગામી સરકાર રચવાની હતી તેમ જ બ્રિટન અને અમેરિકા સામે યુદ્ધ જાહેર કરવું એવી ઈચ્છા હતી. આઝાદ હિંદની સરકારને નવ સર્વસત્તાધીશ રાજ્યોએ માન્યતા આપી દીધી.

નેતાજી બોઝનું સૌથી વધારે અગત્યનું કાર્ય, હવે, આંતરરાષ્ટીય મહાયુદ્ધ કાનૂન હેઠળ તે કાયદાની નજરમાં ભારતીય રાષ્ટ્રીય લશ્કરને (આઈ.એન.એ.ને) એક મોભાનું સ્થાન ખાતરી પૂર્વક અપાવી દેવાનું હતું. તેમની ઈચ્છા એવી હતી કે આઈ.એન.એ.ના જે સૈનિકો કેદ થયા છે, તેમને બળવાખોર ગણીને ટૂંકી કાર્યવાહીથી ઠાર ન કરતાં મહાયુદ્ધના કેદી તરીકે તેમને વર્તાવ થવો જોઈએ.

ઈતિહાસનાં આવાં પાનાંઓ ઉથલાવીએ ત્યારે એક પ્રશ્ન અચૂક થાય : સમર્પિત શહીદોનું યોગ્ય સ્મરણ પણ સમાજ જીવનના સાંસ્કૃતિક અસ્તિત્વનો અંદાજ આપે છે : લંડનમાં મેં જોયું કે હાઉસ ઑફ લૉર્ડ્ઝ - પાર્લામેન્ટ સામેનાં ચોકમાં જ - અસંખ્ય પ્રતિમાઓમાંથી એક ૧૮૫૭ ના વીર વિલ્પવીઓને કચડી નાખનાર સેનાપતિની યે હતી! બ્રિટનને માટે હજુ તે વીર સેનાપતિ હતો! આપણે વિસ્મૃતિના અભિશાપથી ઘેરાયેલા રહેવું જોઈએ નહીં.

એટલે જેમ 'ગાંધી કથા' શરૂ થઈ અને ગુજરાત તેમજ અન્યત્ર ગાંધીનું સાચુકલું દર્શન (તે ય મહાદેવભાઈ દેસાઈના પુત્ર નારાયણ દેસાઈનાં શબ્દોમાં!) પ્રાપ્ત થયું તેવું જ ૧૮૫૭ થી ૧૯૪૭ સુધી ફાંસી - ગોળી - આંદામાન તોપના ગોળા ઝીલીને સમર્પિત થનારા દેશવીરો (જેની સંખ્યા ૬ લાખની છે) ની સ્મૃતિ માટે 'ક્રાંતિકથા' કેમ ના થાય?

દેશની જીવાદોરી સમાન આ નદી મરવા પડી છે, તેને બચાવવા ઘણાં બધાં લોકો આગળ આવી રહ્યાં છે

વન્યસૃષ્ટિ પરિચય

રામ તેરી ગંગા મૈલી હો ગઈ...

- હેમંત સુથાર

સ્વર્ગમાંથી અવતરણ પામેલા મા ગંગા શિવજીની જટામાં ઝીલાઇને હિમાલયની ગોદમાં જન્મ લઇને વહે છે. ભારત દેશની અતિ પવિત્ર તરીકે લોક હૃદયમાં પૂજનીય સ્થાન ધરાવતી ગંગા નદી દેશની સહુથી પવિત્ર નદી ગણાય છે. જે પવિત્ર નહીનું જળ મૃત્યુ સમયે - અંતિમ સમયે મુખમાં મુકવામાં આવેથી સ્વર્ગમાં સ્થાન પ્રાપ્ત થાય છે તેવી શ્રધ્ધાથી ઘરે ઘરે "ગંગા જળ" ઉપલબ્ધ હોય છે તે ગંગાજળ હવે શુધ્ધ નથી.

ઉત્તરાખંડ રાજ્ય સરકારના એન્વાયરોનમેન્ટ અને પોલ્યુસન કંટ્રોલ બોર્ડ દ્વારા ગંગાનદીના જળના થયેલા વૈજ્ઞાનિક પરીક્ષણ અહેવાલ પ્રમાણે ગંગા નદીનું પાણી અતિ દૂષિત એવી 'ડી' કેટેગરીમાં આવે છે. જેમાં માનવ મળ, પેશાબ અને માનવ તથા ઔદ્યોગિક ગટરોનું પાણી ધરાવે છે. ભારત સરકાર તાબાનાં પોલ્યુશન કંટ્રોલ બોર્ડના અહેવાલ મુજબ ઉત્તરપ્રદેશના કાનપુર શહેરના ગંગા કાઠે 'ગંગા સ્થાન' કરવું પણ હાનિકારક છે. અહિંયા શહેરની ગટરોના પાણી ઉપરાંત કાનપુરની પ્રસિદ્ધ ચામડા ઉદ્યોગની ફેકટરીઓનાં મૃતપ્રાણીઓનાં ચામડા ધાયેલું

પાણી પર ગંગા નદીમાં વહેવડાવી દેવામાં આવે છે. સામાન્ય રીતે પાણીમાં ૨ મીલી ગ્રામ પ્રતિ લીટર ક્રોમીયમનું પ્રમાણ હોવું જોઇએ. તેની સામે ગંગાના પાણીમાં આ સ્થળે તેનું પ્રમાણ ૨૪૮ મીલી ગ્રામ પ્રતિ લીટરે એટલે કે ૧૨૪ ગણું વધારે જણાયું છે.

ભારતના વન અને પર્યાવરણના અભ્યાસ પ્રમાણે ગંગા નદીમાં પ્રતિદિન ૨૯ કરોડ લીટર પાણી ગટરની ગંદકી વાળું વહે છે તે પૈકી ફક્ત ૧૧ કરોડ લીટર પાણી જ શુધ્ધ કરી શકવાની શ્રમતા છે. બાકીનું ૧૮ લીટર પાણી શુધ્ધ કરવામાં આવતું જ નથી.

ગંગા કિનારે આવેલું એક પવિત્ર શહેર એટલે વારાણસી. આ શહેરનું ૨૦ કરોડ લીટર ગટરનું ગંદુ પાણી ૩૨ ઝરણાંઓ માફતે ગંગા નદીમાં ઠળવાય છે. અહીંના પાણીમાં માનવ મળથી પેદા થતાં "ફીકલ કોલીફોર્મ બેકટેરીયા" નું પ્રમાણ ૬૦,૦૦૦ પ્રતિ ૧૦૦ મીલી લીટર પાણીમાં જોવા મળે છે.

વારાણસી ગંગા કાંઠે મૃત દેહોની દહનક્રિયા કર્યા પછીની બચેલી રાખ, અર્ધ બળેલા, લાકડા, હાડકાં વગેરે નદીનાં પાણીમાં જ વહાવી દેવામાં આવે છે. અહીંયા એક સમયે થોડાં વર્ષો પહેલાં કોલેરાને કારણે હજારો લોકો મૃત્યુ પામ્યા હતા. તેવા મૃતરોગી દેહોને સીધા જ ગંગા નદીમાં દહન કર્યા વગર વહાવી દેવામાં આવ્યાં હતા. આ જ રીતે પવિત્ર વ્યક્તિઓ, સગર્ભા સ્ત્રીઓ, રક્તપિત્ત અને શીતળાના રોગીઓ, સર્પદંશથી મૃત્યુ પામેલા, આપઘાત કરનારા અને પાંચ વર્ષની નાના બાળકોના મૃતદેહોને ગંગાજળમાં દહન કર્યા વગર સીધા જ પધરાવી દેવામાં આવે છે.

ગંગા નદી ૨૫૧૦ કિલોમીટરે વહે છે, તે દેશની લાંબામાં લાંબી નદી છે. આ નદી દેશની ૪૦ % ભૂમિને પિયર માટે પાણી પૂરુ પાડે છે. આ નદી કાંઠે ૪૦ કરોડથી વધુ લોકો આશરો લઇ રહ્યા છે. એક તરફ તેના જન્મદાતા એવા હિમાલયના ગ્લેશિયર્સ પીંગળી રહ્યા છે. તેના વિસ્તારો ઘટી રહ્યાં છે તેનો ભય સતાવી રહ્યો છે. બીજા પક્ષે તેના કાંઠે આવેલા શહેરો - નગરો તેને પ્રદૂષિત કરી રહ્યાં છે. તેના વિસ્તારો ઘટી રહ્યા છે તેનો ભય સતાવી રહ્યો છે. બીજા પક્ષે તેના કાંઠે આવેલા શહેરો - નગરો તેને પ્રદૂષિત કરી રહ્યા છે. તેના જળસ્ત્રાવ વિસ્તારોમાં અને આસપાસ મોટા પ્રમાણમાં ગેરકાયદેસર માઇનિંગ થઇ રહ્યું છે. તેની પણ ગંભીર પર્યાવરણીય અમીરો ગંભીર પર્યાવરણીય અસરો ગંગા નદી પર થઇ રહી છે. સરકાર દ્વારા આ નદી પર ૩૯ ડેમ બનાવવાનું પણ આયોજન થયું છે. દેશની જીવાદોરી સમાન આ નદી મરવા પડી છે. તેને બચાવવા ઘણાં બધાં લોકો આગળ આવી રહ્યાં છે.

ગત વર્ષે જૂન માસની ૧૩મી તારીખે ૩૪ વર્ષના એક યુવાન સાધુ સ્વામી શ્રી નિગમાનંદજી તેમના ૧૧૪ દિવસના "ગંગા નદી બચાવો" આંદોલનમાં ભૂખ હડતાલની લડત આપતાં - આપતાં શહીદ થઇ ગયા. તેઓ છેલ્લા એક મહિનાથી ઉત્તરાખંડની એક હોસ્પિટલમાં ઉપવાસને કારણે બેભાન અવસ્થામાં જીવી રહ્યાં હતા. ગંગા ખાણ માફિયાઓ સામેની તેમની લડતમાં તેમની હાર થઇ તેવું કહી શકાય. હોસ્પિટલમાં તે મૃત્યુ પામ્યા તે સમયે બાબા રામદેવજીને દિલ્હીનાં આંદોલન પછીથી સારવાર માટે લવાયા હતાં. તે કારણે પ્રસિધ્ધિ મળી નહીંતર આ સ્વામીનાં આ આંદોલ વિશે કોઇ જાણી પણ ન શકત.

રોજે રોજ ૨૦ લાખ લોકો ગંગા નદીમાં સ્નાન કરીને પોતાના પાપ ધુએ છે અને સ્વર્ગની કામની રાખે છે. મોક્ષની કામના રાખતાં આવા સ્વાર્થી લોકો ગંગા નદીને સહુથી પવિત્ર અને પૂજનીય માને છે. જરૂર પણ તેને શુધ્ધ રાખવા માટે કંઇક કરતાં નથી આ એક એવી શરમજનક અંધશ્રધ્ધાનો દાખલો છે જે જોઇને હવે આવા વિષયોમાં કઇ થઇ શકશે નહીં તેવી નિરાશા મજબૂત થાય છે.

hmtsuthar@gmail.com

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૯મી જુલાઇ

- જહાંગીર રતનજી દાદાભાઇ તાતાનો જન્મ ૨૯-૭-૧૯૦૪.

રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય વિમાન સેવા ભારતમાં શરૂ કરનારા પ્રથમ હવાઇ ટપાલ સેવાનો પ્રારંભ કરનારા. ઉદ્યોપપતિ જે.આર.ડી. તાતા પોતાની જાતને પબ્લીક ટ્રસ્ટી માનતા. ભારતરત્ન પદ્મ વિભૂષણથી નવાજવામાં આવ્યાં.

- ગુલામોના મુક્તિદાતા વિલિયમ વિલ્બર ફોર્સની પુણ્યતિથિ. ગાયક, આનંદી, રમૂજી, વાકપટુ, ખેલદિલ લોકસેવકનું અવસાન ૨૯-૭-૧૮૩૩.

- ૧૮૪૯ સૌ પ્રથમ કન્યાશાળામાં કલકત્તામાં શરૂ થઇ.

- ૧૮૮૩ ઇટાલીના સરમુખ્યાર મુસોલોનીનો જન્મ.
- જૈન સ્થાપત્ય-કલા-મંત્રશાસ્ત્રના અભ્યાસી સારાભાઇ મણિલાલ નવાબનો જન્મ - ૧૯૦૭.
- પ્રાચ્ય વિદ્યાને ગુજરાતી રૂપ યોજનારા હીલાલાલ કાપડીયાનો સુરત ખાતે જન્મ - ૧૮૬૪.

ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ : અન્વયે પોલીસની સત્તા અને ફરજો અંગે સમજૂતી

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ અન્વયે પોલીસ અધિકારી, કર્મચારીને કેટલીક સત્તાઓ આપેલ છે. જેની સાથે સાથે ફરજો અંગેના નિયમો પણ કાયદા દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવ્યાં છે.

સામાન્ય જનતામાં પોલીસનો ભય ફેલાયેલો હોય છે. પોલીસ કે પોલીસ સ્ટેશનનું નામ પડતાની સાથે જ નર્વસ થઇ જાય છે. પરંતુ 'પ્રજા પોલીસ મિત્ર' ના સૂત્રનાં આધારે કેટલાયં માનવતાના કાર્યો, પોલીસકર્મીઓ બજાવે છે. જે સમાજમાં દાખલા રૂપ બને છે. તાજેતરમાં બાઇકર્સ ગેંગે ફેલાવેલ આતંકને બે જ દિવસમાં ઉકેલી પોલીસ અધિકારીઓએ પ્રજાને રાહતનો શ્વાસ લેવામાં પોતાની ઉમદા ફરજનો દાખલો પુરો પાડેલ છે.

પોલીસ એક્ટ ૧૯૫૧ ની કલમ ૬૪ માં પોલીસની ફરજ અંગે જણાવેલ છે. તેમ જ ક.૬૫ મુજબ લોકોની હરવાં ફરવાંની જગ્યામાં, બાગબગીચા કે જાહેર પ્રિમાઇસીસમાં પ્રવેશ કરવાની સત્તા છે. તેમજ જાહેર જગ્યા પીઠા તરીકે અગર કેફી પદાર્શો વેચવાની દુકાન, ગલ્લા તેમજ હલકી, લફંગી, વ્યક્તિઓનાં અડ્ડા તરીકે વપરાતી હોય તેવી જગ્યામાં વગર વોરંટે દાખળ થઇ કાયદેસરની કાર્યવાહી કરી શકે છે.

રસ્તામાં જતા આવતાં વ્યક્તિઓ ઉપર વહેમ, આવે શંકા પડે, ત્યારે તેમની ઝડતી લેવાની સત્તા છે. કેટલાય ઘરફોડીયા ચોરો, આવી ઝડતીમાં પકડાવાથી ચોરીનાં આતંકમાં ઘટાડો નોંધાય છે. જે તે વ્યક્તિના કબજામાં રહેલી વસ્તુ ચોરીની લૂંટની હોવાનો વહેમ પડે તો માલિકીના પુરાવા તપાસવાની સત્તા છે. આવી વ્યક્તિને પકડી મેજિસ્ટ્રેટ રૂબરૂ રીપોર્ટ કરી શકશે. મેજિસ્ટ્રેટ ફોજદારી કાયદા ૧૮૯૮ ની કલમ ૫૨૩ પ્રમાણે તેમજ અમલમાં આવતાં ગુનાકીય કાયદા - પ્રમાણે પગલાં લઇ શકે છે.

રસ્તામાં ભટકતી, ભિખારી, પાગલ તેમજ બિમાર વ્યક્તિને તેમજ પોતાની સંભાળ લેવા અશક્ત વ્યક્તિને યોગ્ય મદદ કરશે. યોગ્ય જગ્યાએ પહોંચવાડવાની ફરજ છે. તાજેતરમાં ઘ-૪ થી અજાણી અશક્ત મહિલાને સામાજિક કાર્યકરની મદદથી યોગ્ય મદદ કરી સમાજમાં ઉદાહરણરૂપ કાર્ય કરેલ.

રખડતાં ઢોર રસ્તામાંથી પકડી પાંજરાપોળમાં રાખવાની સત્તા છે. તેમજ માલિકને પકડી મેજિસ્ટ્રેટ રૂબરૂ, સજા કરવાની સત્તા છે. રખડતાં ઢોર ને વેટરનીટી ડોકટરની જરૂર જણાય તો સારવાર ઉપલબ્ધ કરાવવાની ફરજ છે. આવા ઢોર / પશુનો વિગતવાર રીપોર્ટ કરી મેજિસ્ટ્રેટને સોંપવાની ફરજ છે. આવા મેજિસ્ટ્રેટ કલમ ૭૪ મુજબ તેમજ પેટા કલમ ૬,(૫)(૬) એ (૭) ની જોગવાઇ મુજબ લઇ શકશે.

માલવાલક પશુનો, માલ કબજામાં લેવાનો તથા તેના જાનવર પ્રત્યે ઘાતકીપણું અટકાવવા પગલાં ભરવાની ફરજ છે. તેમજ યોગ્ય લાગે તો ઢોર / પશુ